આજવા-વાઘોડિયા રિંગ રોડ પર સોફાના ગોડાઉનમાં ભીષણ આગ, લાખોનો સામાન ખાખ

આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા ઉડતા ભયનો માહોલ; ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર મેળવ્યો કાબૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના આજવા-વાઘોડિયા રિંગ રોડ વિસ્તારમાં આજે એક ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, આ આગ એક સોફા બનાવવાના ગોડાઉનમાં લાગી હતી. આજવા-વાઘોડિયા રિંગ રોડ પર આવેલા સોફાના ગોડાઉનમાંથી અચાનક કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા જોઈ સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આસપાસના લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. પ્રાથમિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી. જોકે, ગોડાઉનમાં રહેલો સોફા બનાવવાનો કાચો માલ અને અન્ય સામાન બળીને ખાખ થઈ જતા મોટા પાયે આર્થિક નુકસાન થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

અલકાપુરીમાં પેટ્રોલ પંપ પાસે ચાલુ કારમાં ભભૂકી આગ, સદનસીબે જાનહાનિ ટળી

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ વડોદરા શહેરમાં આગના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. આજે બપોરના સમયે શહેરના પોશ ગણાતા અલકાપુરી વિસ્તારમાં એક કારમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. અલકાપુરીમાં આવેલા વિન્ડસર પ્લાઝા પાસેના પેટ્રોલ પંપ નજીકથી પસાર થઈ રહેલી એક કારમાં અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં કાર આગની લપેટમાં આવી ગઈ હતી. પેટ્રોલ પંપ જેવી સંવેદનશીલ જગ્યાની નજીક આગ લાગતા સ્થાનિકો અને રાહદારીઓમાં ફાળ પડી હતી. પ્રાથમિક તપાસમાં આ આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આગ વધુ પ્રસરે તે પહેલા તેના પર નિયંત્રણ મેળવી લેવામાં આવતા અને કારચાલક સમયસૂચકતા વાપરી બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી.

શું ગરીબોના હકના મકાનો ફાઈલોમાં જ દબાયેલા રહેશે?

ગોરવા-લક્ષ્મીપુરા રોડ પર ડિમોલિશનના ભોગ બનેલા પરિવારોનો મકાન માટે મોરચો માંડ્યો

રૂપિયા ભર્યા છતાં ઘર નથી મળ્યા, હવે આંદોલન જ અંતિમ રસ્તો સ્થાનિક રહીશોની ઉગ્ર ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોરવા-લક્ષ્મીપુરા રોડ પર તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી ડિમોલિશનની કામગીરી બાદ છેલ્લા ચાર મહિનાથી અનેક ગરીબ પરિવારો ફૂટપાથ પર રહેવા મજબૂર બન્યા છે. વારંવારની રજૂઆતો છતાં આવાસની ફાળવણી ન થતા આખરે સ્થાનિકોએ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. મળતી માહિતી મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નોટિસ આપીને ગોરવા-લક્ષ્મીપુરા રોડ પરના કાચા-પાકા ઝૂંપડાઓ તોડી પાડવામાં આવ્યા હતા. આ કામગીરીને ચાર મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં, વિસ્થાપિત થયેલા પરિવારોને હજુ સુધી વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવ્યા નથી.

હાલ આ પરિવારો તેમના નાના બાળકો સાથે ખુલ્લા આકાશ નીચે રોડ પર રહી રહ્યા છે, જેમના માટે જીવનનિર્વાહ અત્યંત કષ્ટદાયક બન્યો છે. સ્થાનિકોએ લેખિત રજૂઆત કરતા જણાવ્યું છે કે જો ટૂંક સમયમાં યોગ્ય નિકાલ લાવી મકાનોની ફાળવણી કરવામાં નહીં આવે, તો તમામ પરિવારો ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે. હવે જોવાનું એ રહે છે કે વડોદરા મહાનગર પાલિકા અને હાઉસિંગ બોર્ડ આ ગરીબ પરિવારોની વહારે ક્યારે આવે છે.

પૈસા ભર્યા હોવા છતાં આવાસથી વંચિત

અસરગ્રસ્તોનો આક્ષેપ છે કેઃ તમામ પરિવારોએ આવાસ મેળવવા માટેના નિયમ મુજબ ઘર દીઠ 5,000 ની રકમ પણ ભરી દીધી છે. છેલ્લા 15 દિવસથી વડોદરા મહાનગર પાલિકાની 'એફોર્ડેબલ હાઉસિંગ સેલ' ની ઓફિસમાં સતત ધક્કા ખાવા છતાં કોઈ યોગ્ય જવાબ મળતો નથી. તંત્ર દ્વારા માત્ર આશ્વાસન આપવામાં આવે છે પરંતુ મકાનોની ફાળવણી કરવામાં આવતી નથી.

ભીડનો લાભ લઈને ગઠીયાએ ખેલ પાડ્યો

શિવજી કી સવારીમાં પોસ્ટના કર્મચારીના પત્નીના ગળામાંથી સોનાની ચેન ગાયબ

મહિલાના ગળામાંથી સોનાની ચેઈન આશરે 17 ગ્રામની કિ.રૂ. 1.45 લાખની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

15 ફેબ્રુઆરી ના રોજ મહાશિવરાત્રી તહેવાર નિમીતે નિકળનાર ભગવાન શીવજીની ભવ્ય શોભાયાત્રાના દર્શન માટે સવા ચાર વાગ્યા આસપાસ મહિલા પતિ પંકજ અને દિકરી સાથે નાની શાક માર્કેટ નંદલાલ કચોરી પાસે આવી મોપેડ પાર્ક કરી શીવજીની સવારી જોવા માટે ગંગા સાંઈ ચાઈનીઝની સામે જાહેર સૌચાલયની બાજુમાં ઉભા રહ્યા હતા. શીવજીની શોભાયાત્રાના દર્શન કરી આશરે સાંજના સાડા પાંચ વાગ્યા આસપાસ તેઓ પરત ઘરે જવા નીકળ્યા હતા. મહિલા અને મોપેડ જ્યાં પાર્ક કર્યું હતું ત્યાં ગયા હતા ત્યારે મહિલાએ તેમના ગળા પર હાથ ફેરવ્યો હતો. ત્યારે તેમણે પહેરેલી સોનાની ચેઈન જણાઈ આવી નહી. જેની જાણ તેઓએ તેમના પતિને કરતા પતિ પત્નીએ નંદલાલ કચોરી તથા દર્શન કરવા ઉભેલા હતા તે જગ્યા પર જઈ તપાસ કરી હતી તથા મારા પતિએ તેમના મીત્ર દિપક માળીને ફોન કરી બોલાવેલ ત્યાર બાદ તેઓએ આજુબાજુ તપાસ કરી હતી પરંતુ મહિલાએ પહેરેલી સોનાની મેઈન મળી આવી ન હતી. જેથી શોભાયાત્રાના દર્શન કરી રહ્યા હતા તે દરમિયાન કોઈ ગઠિયાએ ભાડનો લાભ મહિલાના ગળામાંથી સોનાની ચેઈન આશરે 17 ગ્રામની કિ.રૂ. 1.45 લાખ સવારીના દર્શન નજર ચુકવી કોઈ સરકાવી લીધી હતી.

'તાંદલજા એકતા મંચ' દ્વારા ઉગ્ર વિરોધ : અધિકારીઓ આ પાણી ના પી શકતા હોય તો જનતાને આવું પાણી પીવા માટે કેમ મજબૂર કરવામાં આવે છે?

તાંદલજામાં દૂષિત પાણીની સમસ્યાથી જનતામાં આક્રોશ જોવા મળ્યો

'વેરો ભરીએ છીએ તો ગંદું પાણી કેમ?' તેવો વેધક સવાલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. તાંદલજા અને તેની આસપાસના વિસ્તારોમાં દૂષિત અને ગંદું પાણી આવતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે 'તાંદલજા એકતા મંચ'ના નેજા હેઠળ મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષોએ એકઠા થઈને તંત્ર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તાંદલજા ગામ, વણકરવાસ, લીમડી ફળિયું, આસોપાલવ ફળિયું, કરિશ્મા પાર્ક અને સૌદાગર પાર્ક જેવા વિસ્તારોમાં છેલ્લા કેટલાય સમયથી ગટર મિશ્રિત દૂષિત પાણી આવી રહ્યું છે. ગંદા પાણીના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. વિરોધ કરી રહેલી મહિલાઓએ જણાવ્યું હતું કે, "અમે નિયમિત વેરો ભરીએ છીએ, છતાં અમને પીવાલાયક પાણી મળતું નથી. અમારે રોજ પાણીના જગ વેચાતા લેવા પડે છે". તાંદલજા એકતા મંચના અગ્રણીએ આક્ષેપ કર્યો હતો કે, આ વિસ્તારની પાણી અને ડ્રેનેજની લાઈનો 50 વર્ષ જૂની થઈ ગઈ છે, જે બદલવામાં પાલિકા તંત્ર નિષ્ફળ રહ્યું છે.

વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં વોર્ડ ઓફિસના અધિકારીઓ દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. અધિકારીઓ માત્ર દેખાડો કરવા આવે છે અને કામચલાઉ રિપેરિંગ કરીને જતા રહે છે, જેના કારણે બે-ચાર દિવસમાં ફરી ગંદું પાણી આવવાનું શરૂ થઈ જાય છે. સ્થાનિકોએ મીડિયા સમક્ષ રોષ ઠાલવતા કહ્યું હતું કે, જો વહેલી તકે આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં કોર્પોરેશન કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. લોકોએ એમ પણ જણાવ્યું હતું કે જો અધિકારીઓ આ પાણી ના પી શકતા હોય તો જનતાને આવું પાણી પીવા માટે કેમ મજબૂર કરવામાં આવે છે?

કાર્યક્રમમાં જેલના કેદીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

મધ્યસ્થ જેલમાં મહાશિવરાત્રી પર્વ અને વિશ્વ રેડિયો દિવસની અનોખી ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

શહેરના સરદારભવન ટ્રસ્ટ અને મધ્યસ્થ જેલના સંયુક્ત ઉપક્રમે આજે જેલના બંદી ભાઈ બહેનો માટે એક વિશેષ જ્ઞાનવર્ધક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બંદી ભાઈ-બહેનોને આધ્યાત્મિકતા અને વિજ્ઞાનના સમન્વયનો લાભ મળ્યો હતો.

મુખ્ય વક્તા રૂપલ ત્રિવેદીએ આગામી મહાશિવરાત્રી પર્વના સંદર્ભમાં જેલના બંદી ભાઈ-બહેનો સાથે હૃદયસ્પર્શી સંવાદ સાધ્યો હતો. તેમણે શિવતત્વનો મહિમા સમજાવતા જણાવ્યું હતું કે, શિવરાત્રી એ માત્ર ઉપવાસનો નહીં પણ આત્મચિંતન અને અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો ઉત્સવ છે. ધાર્મિક વાર્તાલાપ દ્વારા તેમણે કેદીઓને સકારાત્મક જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી હતી. વિશ્વ રેડિયો દિવસ હોવાથી, રૂપલ ત્રિવેદીએ રેડિયોના

ઈતિહાસ અને તેના પ્રસારણ વિશે રસપ્રદ માહિતી આપી હતી. રેડિયોની શોધ ક્યારે થઈ, માહિતીના પ્રસારણમાં તેનું શું યોગદાન છે અને આધુનિક યુગમાં પણ રેડિયોની પ્રસ્તુતતા કેટલી છે, તે વિશે તેમણે વિસ્તૃત છણાવટ કરી હતી. આ પ્રસંગે સરદારભવન ટ્રસ્ટના સંગઠક ભુપેન્દ્રભાઈ મિસ્ત્રી તથા અતુલભાઈ વસેવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેલ પ્રશાસન અને ટ્રસ્ટના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બંદીઓના માનસિક પરિવર્તન અને તેમના જ્ઞાનમાં વધારો કરવાનો રહ્યો હતો.

ધો.10ની CBSE બોર્ડની પહેલી પરીક્ષા આપવી ફરજિયાત

ત્રણ વિષયમાં હાજર નહીં રહે તો કમ્પલસરી રિપિટેશન કેટેગરીમાં રાખવામાં આવશે

વિદ્યાર્થીઓનું પરિણામ પહેલી પરીક્ષામાં કમ્પાર્ટમેન્ટ હશે,તેઓને એજ કેટેગરી હેઠળ બીજી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સીબીએસઈ 2026 ધોરણ 10 માટે બે બોર્ડની પરીક્ષાની વ્યવસ્થા લાગુ કરવા જઈ રહ્યું છે. બોર્ડે જણાવ્યું કે, કેટલાક વિદ્યાર્થીઓને પહેલી તબક્કાની પરીક્ષામાં સામેલ થવામાં સમસ્યા ઉભી થઈ શકે છે. આવા વિદ્યાર્થીને પહેલી પરીક્ષા આપવી આવશ્યક છે, જેથી બીજી પરીક્ષા માટે યોગ્યતા અને પરિણામ વ્યવસ્થિત રીતે નક્કી કરી શકે. CBSEને કેટલાક વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા અપીલ કરવામાં આવી હતી કે, તેઓ કોઈ કારણોસર ધોરણ 10ની બોર્ડની પહેલી પરીક્ષામાં આપી નહીં શકે એટલાં માટે તેઓને બીજી બોર્ડની પરીક્ષામાં બેસવા માટે અનુમતિ આપવામાં આવે. પહેલી પરીક્ષા પાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ વિષયમાં સારુ પ્રદર્શન કરવા માટે ત્રણ મુખ્ય વિષય વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, ભાષાના વિષયમાં બેસી શકશે. જે વિદ્યાર્થીઓ પહેલી બોર્ડની પરીક્ષામાં ત્રણ અથવા તેનાથી વધુ વિષયમાં હાજર નથી રહેતાં તો તેઓને બીજી પરીક્ષામાં બેસવાની અનુમતિ નહીં મળે. આવા વિદ્યાર્થીઓને કમ્પલસરી રિપિટેશન કેટેગરીમાં રાખવામાં આવશે. ત્યારબાદ આ વિદ્યાર્થીઓ આગામી ફેબ્રુઆરીમાં થનારી મુખ્ય પરીક્ષામાં બેસી શકશે. જે વિદ્યાર્થીઓનું પરિણામ પહેલી પરીક્ષામાં કમ્પાર્ટમેન્ટ હશે, તેઓને એજ કેટેગરી હેઠળ બીજી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે. ધોરણ 10માં પાસ થયા બાદ વિદ્યાર્થીઓ કોઈપણ વધુ પડતાં વિષયમાં પરીક્ષા આપી નહીં શકે. જે વિદ્યાર્થીઓના વિષયો કમ્પાર્ટમેન્ટમાં છે અને તેમને સુધારાની જરૂર છે તેઓ બંને કેટેગરી હેઠળ પરીક્ષા આપી શકે છે. જે વિદ્યાર્થીઓ પહેલાથી જ એક વિષયમાં પાસ થઈ ગયા છે, પરંતુ બીજા વિષયમાં સુધારો કરવા માંગે છે તેઓ વિષય બદલી શકશે.

ભાયલી થી પાદરા દાજીપુરા તરફ જતા રોડ પરની ઘટના

નીલગાય આડી ઉતરતા અકસ્માત, કાર પલટી ગઈ, જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

પાદરાથી દાજીપુરા તરફ જઈ રહેલા માર્ગ પર ગત રોજ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ચાલુ કારે અચાનક નીલગાય રસ્તા પર આવી જતાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે કાર રસ્તા પર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું છે, જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કાર સવાર પોતાનું વાહન લઈને દાજીપુરા તરફ જઈ રહ્યા હતા, ત્યારે અચાનક સીમમાંથી દોડીને એક નીલગાય રસ્તાની વચ્ચે આવી ગઈ હતી. નીલગાયને બચાવવા જતાં અથવા તેની સાથે થયેલી અથડામણને કારણે કાર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે વાહનને મોટું નુકસાન પહોંચ્યું

હતું. અકસ્માત થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારમાં સવાર મુસાફરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. સદભાગ્યે કોઈ મોટી ઈજા કે જાનહાનિ ન થતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, આ ઘટનાને પગલે સ્થાનિકોમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. આ માર્ગ પર અવારનવાર વન્ય પ્રાણીઓ આવી ચઢતા હોવાની ફરિયાદો ઉઠી છે. વાહનચાલકોની સુરક્ષા અને અબોલા જીવોના રક્ષણ માટે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

શરમ કરો સત્તાધીશો : શું ગરીબોની પીડા જોનાર કોઈ નથી ?

સયાજી હોસ્પિટલમાં વ્હીલચેર ન મળતા દર્દીએ ઢસડાઈને જવુ પડ્યુ

લાખો-કરોડોની ગ્રાન્ટ છતાં સયાજી હોસ્પિટલ કંગાળ, વ્હીલચેરના અભાવે કણસતા દર્દીની લાચારી

(પ્રતિનિધિ), વડોદરા,તા.16

મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલ (SSG) હવે વિવાદોનું કેન્દ્ર બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. દરરોજ હજારો દર્દીઓ જ્યાં આશા સાથે આવે છે, ત્યાં વહીવટી તંત્રની ઘોર બેદરકારીના કારણે ગરીબ દર્દીઓએ નરક જેવી યાતના ભોગવવી પડી રહી છે. તાજેતરમાં સામે આવેલા દ્રશ્યોએ સભ્ય સમાજને હચમચાવી દીધો છે અને

હોસ્પિટલ તંત્રની સબ સલામત ની પોકળ વાતોની પોલ ખોલી નાખી છે. શહેરના કિશનવાડી વિસ્તારમાં રહેતા એક યુવકને પગમાં ફ્રેક્ચર થયું હતું. અસહ્ય પીડા સાથે આ યુવાન સારવાર માટે સયાજી હોસ્પિટલ પહોંચ્યો હતો. સારવાર કરાવ્યા બાદ દર્દીને પગમાં પ્લાસ્ટર કરવું પડ્યું હતું. ત્યારે દર્દીને એક જગ્યાએ થી બીજી જગ્યાએ જવા માટે નિયમ મુજબ, આવા દર્દીને તાત્કાલિક સ્ટ્રેચર અથવા વ્હીલચેર મળવી જોઈએ, પરંતુ કમનસીબી એ રહી કે હોસ્પિટલના સત્તાધીશો તેને એક વ્હીલચેર પણ આપી શક્યા નહીં. પગના ફ્રેક્ચરને કારણે ઉભા રહેવા માટે પણ અસમર્થ આ યુવાન વ્હીલચેરની રાહ જોતો રહ્યો. આખરે કોઈ વિકલ્પ ન મળતા, લાચારીની પરાકાષ્ઠાએ આ યુવાન હોસ્પિટલના ગંદા ફ્લોર પર પોતાના શરીરને ઘસડીને ચાલવા મજબૂર બન્યો હતો. આ દ્રશ્યો જોઈને ત્યાં હાજર અન્ય લોકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી, પરંતુ સત્તાના નશામાં ચૂર તંત્રને આ પીડા દેખાઈ નહોતી. સયાજી હોસ્પિટલને દર વર્ષે સરકાર તરફથી લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આધુનિક મશીનો અને સુવિધાઓના દાવા કરવામાં આવે છે. તો સવાલ એ ઉભો થાય છે કે, શું એક સ્ટ્રેચર કે વ્હીલચેર વસાવવા જેટલા પૈસા હોસ્પિટલ પાસે નથી ?

વડોદરામાં રાત્રિના સમયે ફેલાતી દુર્ગંધનું આવશે અંત

GPCBની 3.50 કરોડની હાઈટેક વાન કામે લાગી

કેમિકલ પ્રદૂષણ ફેલાવનારા તત્વોમાં ફફડાટ: માત્ર 5 સેકન્ડમાં પ્રદૂષકોની તપાસ કરી રિપોર્ટ તૈયાર કરશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેર અને તેની આસપાસના રહેણાંક વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી રાત્રિના સમયે ફેલાતી રહસ્યમયી કેમિકલની દુર્ગંધ હવે ભૂતકાળ બનશે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રદૂષણ ફેલાવતા તત્વોના મૂળ સુધી પહોંચવા માટે અત્યંત આધુનિક 'એન્વાયર્મેન્ટ મોબાઈલ મોનિટરિંગ વાન' વડોદરામાં તૈનાત કરવામાં આવી છે. અંદાજે 3.50 કરોડના ખર્ચે તૈયાર થયેલી આ હાઈટેક

વાન હવામાં રહેલા 10થી વધુ ઝેરી પ્રદૂષકોને ગણતરીની સેકન્ડોમાં પારખી લેવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી વડોદરાના ગોત્રી, વાસણા, છાણી અને આસપાસના વિસ્તારોમાં મોડી રાત્રે કે વહેલી સવારે તીવ્ર દુર્ગંધ આવવાની ફરિયાદો ઉઠતી રહી છે. આ દુર્ગંધને કારણે સ્થાનિક રહીશોમાં ગભરાટ અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ સર્જાતી હતી. અત્યાર સુધી GPCBની ટીમ ફરિયાદ મળતા ઘટના સ્થળે પહોંચતી હતી, પરંતુ સાધનોના અભાવે તપાસ માત્ર 'સરકારી દેખાવો' બની રહેતી હતી. હવે આ સ્થિતિ બદલાશે. આ નવી મોબાઈલ વાન કોઈપણ અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા બાદ માત્ર 5 સેકન્ડમાં જ હવાનું સંપૂર્ણ વિશ્લેષણ કરી રિપોર્ટ જનરેટ કરશે, જેનાથી જવાબદાર ઉદ્યોગો સામે તાત્કાલિક અને કાયદેસરના પુરાવા સાથે કાર્યવાહી કરી શકાશે. આ વાન વાસ્તવમાં પૈડા પર દોડતી એક અત્યાધુનિક લેબોરેટરી છે. જેમાં હાઈટેક સેન્સર્સ, ડિટેક્ટર્સ અને મોનિટર્સ લગાવવામાં આવ્યા છે જે હવામાં ભળેલા વિવિધ ગેસ અને પ્રદૂષકોને વિશ્વસનીય રીતે માપે છે. આ વાન માત્ર હવાનું જ નહીં, પરંતુ પાણીના પ્રદૂષણનું પણ પરીક્ષણ કરવાની ક્ષમતા ધરાવે છે. બુધવારે ગોત્રી વિસ્તારમાં દુર્ગંધની ફરિયાદ મળતા જ આ વાન ઘટના સ્થળે પહોંચી હતી.

વાનની ખાસિયતો : એક 'સ્માર્ટ' લેબોરેટરી

સુપરફાસ્ટ રિપોર્ટ: હવામાં પ્રદૂષણનું સ્તર માપીને માત્ર 5 સેકન્ડમાં જ સચોટ રિપોર્ટ તૈયાર કરવાની ક્ષમતા.

લેટેસ્ટ ટેકનોલોજી: વાનમાં 6.5 કિલોવોટનું જનરેટર, ફાયર સેફ્ટીના સાધનો અને ડ્રાઈવર ઉપરાંત 2 એક્સપર્ટ ટેકનિશિયનો માટે આધુનિક બેઠક વ્યવસ્થા.

10+ પ્રદૂષકોનું માપન: સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ સહિત હવામાં રહેલા 10થી વધુ હાનિકારક વાયુઓને ચોકસાઈપૂર્વક ઓળખી શકે છે.

24 કલાક દેખરેખ: આ વાન સતત અને વિશ્વસનીય ડેટા એકત્રિત કરે છે, જે કોર્ટમાં કે કાયદાકીય કાર્યવાહીમાં મજબૂત પુરાવા તરીકે કામ લાગશે.

આધુનિક તકનીકો અપનાવીને સલામતી ધોરણોને વધુ મજબૂત બનાવવાની નીતિ

વડોદરા ડિવિઝન દ્વારા ડ્રોન-આધારિત લાઈવ-લાઈન OHE મોનિટરિંગનું સફળ પરીક્ષણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝન દ્વારા તાજેતરમાં પ્રતાપનગર યાર્ડ ખાતે ડ્રોન-આધારિત લાઈવ-લાઈન ઓવરહેડ ઈક્વિપમેન્ટ મોનિટરિંગ અને સર્વેલન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેના સક્ષમ નેતૃત્વ હેઠળ ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન વિભાગ દ્વારા આ પહેલ કરવા આવી છે.

રેલ્વે સલામતી અને માળખાગત વિશ્વસનીયતાને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ આ અદ્યતન ડ્રોન સિસ્ટમ રેલ ટ્રાફિકને ખલેલ પહોંચાડ્યા વિના OHE નિરીક્ષણો કરવાની મંજૂરી

આપે છે. ડ્રોન ઉચ્ચ-ગુણવત્તાવાળા થર્મલ કેમેરાથી પણ સજ્જ છે, જે ઓવરહિટીંગ, છૂટક જોડાણો, ગોઠવણી ભૂલો અને અન્ય સંભવિત તકનીકી ખામીઓને સચોટ રીતે શોધી કાઢવામાં સક્ષમ છે. આ પહેલ વિશે બોલતા, સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન, નલિન લોચન ગુપ્તાએ જણાવ્યું હતું કે, ડ્રોનની માઈક્રો-ઓપરેશન રેન્જ 5 કિલોમીટર અને બેટરી બેકઅપ લગભગ 40 મિનિટ છે. થર્મલ કેમેરા સહિત થર્મલ ઈમેજિંગ ટેકનોલોજીનો ઉપયોગ લાઈવ-લાઈન મોનિટરિંગ માટે પરવાનગી આપે છે, જે નિયમિત નિરીક્ષણ દરમિયાન દેખાતી ખામીઓની સમયસર ઓળખને સક્ષમ બનાવે છે. આ OHE પેટ્રોલિંગની ચોકસાઈ અને અસરકારકતામાં નોંધપાત્ર વધારો કરશે. આ પહેલ આધુનિક તકનીકો અપનાવીને સલામતી ધોરણોને વધુ મજબૂત બનાવવાની પશ્ચિમ રેલ્વેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ડ્રોન-આધારિત મોનિટરિંગ સિસ્ટમ ખામી-મુક્ત OHE સુનિશ્ચિત કરવામાં, મેન્યુઅલ નિરીક્ષણ સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવામાં અને ઓપરેશનલ વિશ્વસનીયતા વધારવામાં મદદ કરશે. વડોદરા વિભાગ સલામત, કાર્યક્ષમ અને આધુનિક રેલ કામગીરી માટે સતત પ્રયત્નશીલ છે.